**Sl.No. :**

**नामांक** **Roll No.**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |

**No. of Questions – 11**

**No. of Printed Pages – 07**

**SS–24–Gujarati Sah.**

Tear Here

# उच्च माध्यमिक परीक्षा, 2019

# SENIOR SECONDARY EXAMINATION, 2019

## गुजराती साहित्य

**समय** : 3¼ **घण्टे**

**पूर्णांक** : 80

प्रश्न पत्र को खोलने के लिए यहाँ फाड़ें
TEAR HERE TO OPEN THE QUESTION PAPER

પરીક્ષાર્થીઓ માટેના સામાન્ય નિર્દેશ:

1) પરીક્ષાર્થી સૌ પ્રથમ પ્રશ્નપત્ર પર, પોતાનો નામાંક જરૂરથી લખે.

2) દરેક પ્રશ્ન કરવા ફરજીયાત છે.

3) પ્રત્યેક પ્રશ્નનો જવાબ આપેલી જવાબ પુસ્તિકામાં જ લખો.

4) જે પ્રશ્નોમાં આંતરિક ખંડ છે, તે દરેકના ઉત્તર એક સાથે જ લખો.

5) પ્રત્યેક પ્રશ્નમાં માંગ્યા અનુસાર ઉત્તર આપવાના છે.

6) પ્રત્યેક પ્રશ્નનો જવાબ ગુજરાતી ભાષામાં લખવાનો છે.

यहाँ से काटिए

**1)** નીચેનો ગદ્યખંડ વાંચીને તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો.

ગદ્યખંડ :-

'''મનુષ્ય થવું'- વાર્તાની લેખિકા કુન્દનિકા કાપડિયાના મતે એક મનુષ્ય બીજા મનુષ્યના પ્રત્યેના સમભાવને પરિણામે વિશિષ્ટ આનંદ અનુભવે છે. સમાજમાં એક વર્ગ ખુબ જ સમૃદ્ધ છે અને બીજો વર્ગ ખુબ જ ગરીબ છે. ઘણાં બધાં સમૃદ્ધ હોવા છતાં એક શેઠાણીને ખુબ જ અસંતોષ અને અશાંતિ હોય છે. ખુબ જ ગરીબ હોવા છતાં કામવાળી સંતોષી અને પ્રસન્ન છે. શેઠાણીએ જ્યારે કામવાળી નોકરાણી જે નાનકડી છોકરી છે તેને પ્રેમપૂર્વક ખવરાવે છે અને તેના મુખ પર પેટ ભરીને ખાવા મળ્યાની પ્રસન્નતા જોઈને શેઠાણીના હૃદયમાં સંક્રાન્ત થાય છે. ભૌતિક સમૃદ્ધિ નહી પરંતુ મનુષ્ય પ્રત્યે સહાનુભૂતિ જ આખરે તો આનંદ આપે છે.''

પ્રશ્નોઃ-

1) કુન્દનિકા કાપડિયાની કઈ વાર્તાના આધારે આ ગદ્યખંડ છે ? **[2]**

2) સમાજમાં કયાં બે ભિન્ન વર્ગો છે ? **[2]**

3) ખુબ જ સમૃદ્ધ અને ખુબ જ ગરીબની શી વિશેષતા બતાવી છે ? **[2]**

4) શેઠાણીને સાચો આનંદ ક્યારે આવે છે ? **[2]**

5) ગદ્યખંડનું યોગ્ય શીર્ષક આપો. **[2]**

**2)** નીચે આપેલા વિષયોમાંથી કોઈપણ એક વિષય પર 200 થી 250 શબ્દોમાં નિબંધ લખો. **[10]**

અ) વિશ્વની મોટી સમસ્યા - આતંકવાદ

બ) મારો પ્રિય તહેવાર

સ) વિદ્યાર્થીઓને સફળતા માટે કર્મ અને પ્રાર્થના જરૂરી.

દ) ઈન્ટરનેટ ટેક્નોલોજી અને આજનો યુવાન લાભ-હાનિ.

**3)** નીચે આપેલા મુદ્દાઓને આધારે વાર્તા લખી યોગ્ય શીર્ષક આપો. **[5]**

ખુબ વરસાદ આવવો - બંધમાં ગાબડું પડવું - નાનો છોકરો ત્યાં ગાય ચરાવવા ગયો - દેખ્યું તેણે નાના ગાબડામાં આવતાં પાણીને બંધ કરવું ત્યાં હાથ રાખીને પ્રયત્ન કરવો - બંધમાંથી પાણી વહેવું બંધ - ગામના લોકો આવ્યા - મદદ કરવી - ગામને મોટા નુકસાનથી બચાવવું - છોકરાને ઈનામ આપવું - શીર્ષક.

**4)** નીચે આપેલી કાવ્યપંક્તિઓનો વિચાર-વિસ્તાર લખો. (આશરે 100 શબ્દોમાં) **[3]**

નદીની રેતમાં રમતું નગર મળે ના મળે
ફરી આ દશ્ય સ્મૃતિ પટ ઉપર મળે ન મળે.
ભરી લો શ્વાસમાં એની સુગંધનો દરિયો,
પછી આ માટીની ભીની અસર મળે ના મળે.

5) અ) મનહર અથવા ઉપજાતિ છંદનું બંધારણ સદષ્ટાંત સમજાવો. [2]

બ) ઉપમા અથવા રૂપક અલંકારની વ્યાખ્યા લખી ઉદાહરણ આપો. [2]

ક) વિરુદ્ધાર્થી શબ્દ લખો. [2]

–ઉત્સાહ

– નીચે

ડ) નીચેના રૂઢિપ્રયોગનો અર્થ આપી વાક્ય પ્રયોગ કરો. [2]

– શરમ ઉપજવી

ઈ) 1) નિષેધ વાક્ય બનાવો. [1]

– અમારે ત્યાં ઓછું પાણી વરસે છે.

2) વિધિ વાક્ય બનાવો. [1]

પિતાજી આપ ચિંતા ના કરો.

ફ) શબ્દ સમૂહ માટે એક શબ્દ આપો.

1) જેની જોડ ન મળી શકે તેવું. [1]

2) જેનો કોઈ શત્રુ નથી તે. [1]

**6)** નીચેનો પઠિત ગદ્યખંડ વાંચીને તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો.

ગદ્યખંડ :-

''સંકલ્પ, વિકલ્પ, વિચાર, અનુમાન, તુલના ઈત્યાદિ માનસિક ગુણો; પ્રેમ, ધિક્કાર, સ્નેહ, હર્ષ, શોક ઈત્યાદિ હૃદયના ભાવો અને ખુદ અંતરાત્મા એ સર્વ પેટને આધીન છે. પેટની સ્વસ્થતા વિના કોઈથી કંઈ પણ ન થઈ શકે.''

પ્રશ્ન-1 માનસિક ગુણો કયા કયા છે ? **[2]**

પ્રશ્ન-2 હૃદયના ભાવો કયા કયા છે ? **[2]**

પ્રશ્ન-3 મનુષ્યને શાની સ્વસ્થતા જરૂરી છે ? **[2]**

**7)** ગદ્યપાઠને આધારે નીચેનામાંથી કોઈપણ ચાર પ્રશ્નોના જવાબ આપો. **[8]**

1) મા સૈનિકના હાથ તરફ વારંવાર શા માટે જોયા કરતી હતી ?

2) આ પત્ર કયા પ્રસંગને નિમિત્તે લખ્યો છે ?

3) રાજાએ પોતાની દીકરી માટે શા માટે ગૌરવ અનુભવ્યું ?

4) બાળકને ચીંથરામાં શા માટે વિંટોળ્યું હશે ? બે કારણ આપો.

5) લેખકની દીકરી શૈલી મીનુ પાછળ શા કારણે ઘેલી થઈ ?

**8)** ગદ્યખંડના આધારે 100 થી 150 શબ્દોમાં કોઈપણ બે પ્રશ્નોના ઉત્તર વિસ્તારથી લખો. **[6]**

1) એકાંકી 'ભગવાને મોબાઈલ માર્યો'ના આધારે ભગવાનનું પાત્રાલેખન કરો.

2) તોલસ્તોયની ટૂંકીવાર્તા 'ચહેરો'ના આધારે વર્ણન કરો.

3) 'આપણી આશાઓના બીજ' માહિતી નિબંધના આધારે લેખક આપણને શો સંદેશ આપે છે ?

**9)** નીચેનામાંથી કોઈપણ બે પ્રશ્નોના જવાબ પદ્ય કાવ્યના આધારે આઠ થી દશ વાક્યમાં લખો. **[8]**

1) 'મન નો ડગે' કાવ્યમાં સત્સંગનો મહિમા અને સાચા હરિજનના લક્ષણો વર્ણવો.

2) 'ચાલ ફરીએ' કાવ્યમાં કવિ નિરંજન ભગત હૃદયના વિસ્તારમાં શું અપનાવવા માંગે છે અને જીવનમાં કેવી રીતે રહેવાની શિખામણ આપે છે ?

3) નદીની રેતમાં રમતું નગર કાવ્યનું સાહિત્ય સ્વરૂપ જણાવો. કવિને કઈ બાબતની ચિંતા સતાવે છે ?

**10)** નીચેનામાંથી કોઈપણ બે કાવ્ય પંક્તિઓ કાવ્યના આધારે સમજાવો. **[8]**

1) પુષ્પ તણી પાંદડીએ હસતું કોણ ચિરંતન હાસ ?

પૃથ્વી પરથી ઊઠે કોનો સુરભિત પુલકિત મુખરિત શ્વાસ ?

2) મળે એટલું માણ રે, મન, મળે એટલું માણ !

આતમના ઓળખનારાને દુ:ખમાં સુખની લ્હાણ ...

3) તડકો તો સુરજનું સ્મિત

મારા ભઈલા, તડકો ગગનનું ગીત.

**11)** 'મન નો ડગે' કાવ્યનો ભાવાર્થ લખો. **[4]**

અથવા

''બેની નું ગીત'' ઊર્મિગીતના આધારે તડકો જીવનની આશા શા માટે ગણાય છે ? સમજાવો.